વિધા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# PANCHSHIL

અંક : 128 | વર્ષ : 12 | જુલાઈ : 2024 | પેઈઝ : 10

સંપાદક : ડૉ. ડી. કે. વાડોદરિયા | સંયોજક : સાક્ષી વાડોદરિયા




શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મો: 8866110011

web: www.panchshilschool.edu.in | Email: info@panchshilschool.edu.in

# શેઠજી અને ગધેડો





રામવડ નામનું એક નાનું સરખું ગામ હતું. તેમાં એક માણેકચંદ શેઠ નામના ધનિક શેઠ રહેતા. ચાંદીની ચમચી સાથે જન્મેલા આ શેઠને આમ તો કંઈ દુઃખ નહોતું. પરંતુ તેમને કયારેય કોઈ સકારાત્મક વિચાર ના આવે. એમને દરેક વસ્તુમાં ને વ્યકિતમાં કંઈક ને કંઈક ખામીઓ દેખાયા જ કરે અને બધા સાથે તકરાર થયા જ કરે. શેઠજીના આવા વલણથી શેઠાણી અને તેમનો પુત્ર રૂપલ બન્ને ખુબ જ દુઃખી રહેતા. રૂપલ ખુબ ડાહ્યો દીકરો પપ્પાને સમજાવવા મથે પણ એની કોઈ કારી ફાવે નહીં.

આમ જ દિવસો પસાર થતાં હતાં અને એક દિવસ ગામમાં એક મોટા સંતશ્રી આવ્યા. ગામમાં એમના ધામધૂમથી સામૈયા થયા અને ગામના મંદિરમાં એમને ઉતારો આપવામાં આવ્યો. સંતશ્રી રોજ સત્સંગ કરે, ગામ લોકો પોત–પોતાની તકલીફો સંતશ્રીને કહે તેનું સમાધાન આ સંતશ્રી આપે. રૂપલને વિચાર આવ્યો કે સંતશ્રી જરૂર પપ્પાને સમજાવી શકશે. રૂપલે સંતશ્રીને બધી વાત કહી સંભળાવી. સંતશ્રીએ કહ્યું કે તારા પપ્પાને કાલે સવારે મારી પાસે લાવજે.

બીજા દિવસે રૂપલ શેઠજીને લઈ સંતશ્રી પાસે પહોંચ્યો. શેઠજીએ સંતશ્રીને વંદન કર્યા. સંતશ્રીએ ત્યાં ગામના કુંભાર ભુરાને ગધેડા સાથે બોલાવી રાખ્યો હતો. ભુરો ખુબ સજ્જન માણસ અને મહેનતનું ખાયને ખુશ રહે એવો. હવે સંતશ્રીએ શેઠજીને પૂછયું શેઠ તમને આ ગધેડામાં કોઈ સારા ગુણો દેખાય છે. હવે શેઠજીને તો માણસોમાં પણ ભૂલો દેખાતી હતી ગધેડાની તો શું વાત કરવી. આવા સવાલથી શેઠજી તો અકળાઈ ઉઠયા ને કહ્યું કે ગધેડામાં શું સારા ગુણ હોય એ તો મૂર્ખ પ્રાણી છે. હવે સંતશ્રીએ ભુરાને પુછયું, ભુરા તને આ ગધેડામાં કંઈ સારા ગુણો દેખાય છે ? ત્યારે ભુરાએ કહ્યું હા મહાત્માજી આ ગધેડો તો બહુજ મહેનતું પ્રાણી છે તે મારી બધી માટી પીઠ પર ઉચકી મારી આજીવિકા રળવામાં મને ખુબજ મદદ કરે છે. ખૂબ જ સોજો છે તેમજ તે કયારેય મને હેરાન નથી કરતો. શેઠજી તો આ બધું સાંભળતા જ રહી ગ્યા. એમને કયારેય ગધેડા વિશે આ દષ્ટિકોણથી વિચારેલું જ નહીં.

હવે સંતશ્રીએ ભુરાને રજા આપી અને શેઠજીને પુછયું બોલો શેઠજી તમને ગધેડામાં કોઈ સદગુણ ના દેખાયો ને ભુરાને તો ઘણા બધા સદગુણો દેખાયા તો તમારા બન્નેમાં વધુ ગુણી કોણ ? જો ગધેડામાં આટલા સદગુણો હોય તો વ્યકિતઓમાં નહીં હોય ? શેઠજીએ કાનની બુટ પકડી કહયું મહાત્માજી હું સમજી ગયો મારો દષ્ટિકોણ જ બરાબર નહોતો હું હંમેશા પરિસ્થિતિઓ અને વ્યકિતઓની ભૂલો જ જોતો રહ્યો. પણ આજે મને ખબર પડી કે દરેક વ્યકિતમાં કોઈક ને કોઈક સદ્‌ગુણ હોય છે બસ આપણે સકારાત્મક થવાની જરૂર છે. શેઠજી અને રૂપલે સંતશ્રીને વંદન કરી વિદાય લીધી. આમ એક ગધેડાએ શેઠજીની તકલીફ દૂર કરી .....................




# ફોનિકસ ફૂટબોલ સ્ટેડિયમ

આધુનિક ટેકનોલોજી અને એન્જિનિયરિંગની મદદથી વિશ્વમાં ઘણી અજાયબ ઈમારતો, પૂલો, ટનલો અને ટાવર્સ બન્યાં છે. તેમાં કેટલાંક સ્ટેડિયમ પણ અજાયબ છે. ફૂટબોલ વિશાળ મેદાનમાં ખુલ્લામાં રમાતી ગેમ છે. પરંતુ અમેરિકાના એરિઝોનમાં આવેલું ફૂટબોલ સ્ટેડિયમ નવાઈ ઉપજાવે તેવું છે. સૌથી રસપ્રદ વાત એ છે કે આ સ્ટેડિયમ ઈન્ડોર છે. પણ જરૂર પડે ત્યારે સરકાવીને બહાર લાવી શકાય છે. ગ્રાઉન્ડમાં લીલું ઘાસ પણ ખરૂં. આ ઘાસને સૂર્યપ્રકાશ આપવા માટે જ બહાર લાવવામાં આવે છે.

ફોનિકસ ફૂટબોલ ગ્રાઉન્ડમાં ૭૮૦૦ પ્રેક્ષકોની ક્ષમતા છે. ૨૦૦૬માં તે ખુલ્લું મૂકાયેલું. ફૂટબોલની ગેમ માટે વિશ્વની આ સૌથી મોટી સુવિધા ગણાય છે તેનું આખું નામ યુનિવર્સિટી ઓફ ફોનિકસ સ્ટેડિયમ છે.

સ્ટેડિયમ ઉપર જાડા કાપડની છત છે. આ છત જરૂર પડે તો માત્ર ૧૨ મિનિટમાં ખસીને છાપરૂં ખુલ્લું થઈ જાય. સ્ટેડિયમ કુલ ૧૭ લાખ ચોરસફૂટ જગ્યા રોકે છે. તેમાં ૧૦ લિફ્ટ ૧૮ એસ્કેલેટર્સ અને બે વિડિયો સ્કોરબોર્ડ છે. સ્ટેડિયમમાં ૮૦૦ ટનનો એરકંડિશનિંગ પ્લાન્ટ છે.

ફોનિકસ સ્ટેડિયમના દરવાજે ૬૦ ફૂટનો લોગો મૂકાયો છે. આકાશમાં પસાર થતા વિમાનના પ્રવાસીઓને પણ આ લોગો નજરે પડે છે. સ્ટેડિયમનું સરકતું ઘાસનું મેદાન ૨૩૪ ફૂટ પહોળું, ૪૦૩ ફૂટ લાંબું અને ૩૯ ઈંચ જાડું છે. તેનું વજન ૮૫ લાખ કિલોગ્રામ છે. આખું મેદાન ૭૨ પૈડાં ઉપર રહેલું છે. તે એક જ મિનિટમાં ૧૧ ફૂટની ઝડપથી અંદરથી ખસીને બહાર આવી શકે છે.

# આશ્ચર્યજનક વનસ્પતિઓ



## લેડી ઈન ધ વેઈલ

આફ્રિકામાં સૌથી ઝડપી વિકાસ કરતાં મશરૂમ લેડી ઈન ધ વેઈલ એક મિનિટમાં એક સેન્ટીમીટર વધે છે. તેની કળી ફૂટે ત્યારે ધડાકા જેવો અવાજ થાય છે.

## એરિઝોના કેકટસ

૧૦ વર્ષે માંડ પાંચ સેન્ટીમીટર ઊંચા થાય એવી આ કેકટસની જાત સૌથી ધીમો વિકાસ કરતી લાંબુ આયુષ્ય ભોગવનાર વનસ્પતિ છે.





## એલિફન્ટ ગ્રાસ

આફ્રિકાના સવાના જંગલમાં પાંચ ફૂટ ઊંચું ઘાસ થાય છે. આ ઘાસમાં હાથી પણ છુપાઈ શકે.

## પ્લાન્ટ

શિકારી વનસ્પતિમાં પિયર પ્લાન્ટ સૌથી ભયંકર છે. ઉંદર જેવા નાના પ્રાણીઓ પણ તેના ફૂલની નજીક જાય તો તે બિડાઈને તેને કેદ કરી આહાર કરી જાય છે.






## લજામણી

ભારતમાં જોવા મળતો આ છોડ ખૂબ જ સંવેદનશીલ છે. આમલી જેવા ઝીણા કતારબંધ પાનવાળા આ છોડને માનવ અડકે કે તરત જ બિડાઈ જાય છે.

# આંખ વિશે આ પણ જાણો

- સજીવ સૃષ્ટિમાં કરોડો વર્ષ પહેલાં પૃથ્વી પર પેદા થયેલા એક કોશી જીવમાં ફોટોરિસેપ્ટર પ્રોટીનના ટપકાં જેવી આંખ પણ હતી.
- ગર્ભસ્થ શિશુમાં બે સપ્તાહમાં જ આંખનું સર્જન શરૂ થાય છે.
- આંખ ખોપરીના પોલાણમાં દડા આકારે ગોઠવાયેલા નાજુક અવયવ છે. ઉંમર વધે છતાં તેનું કદ વધતું નથી.
- આંખમાં ૨૦ લાખ કરતાંય વધુ સ્નાયુઓ અને ભાગો છે.
- મનુષ્યની આંખના બોલનો વ્યાસ લગભગ એક ઈંચ હોય છે અને વજન લગભગ દસેક ગ્રામ હોય છે.
- આપણી યાદદાસ્તોનો ૮૦ ટકા ભાગ આંખથી જોયેલા દશ્યોનો હોય છે.
- આંખની નજીવી ખામીઓ કે ઈજા ૪૮ કલાકમાં આપમેળે સાજી થઈ જાય છે.
- માત્ર માણસ અને કૂતરા જ અન્યની આંખોના ભાવ પારખી શકે છે.
- મગજ પછી માણસની આંખ સૌથી જટિલ અવયવ છે.
- આંખનો કોર્નિયા એક જ અવયવ એવો છે કે જેને લોહીની જરૂર પડતી નથી.



# જાણો શું છે જૂનાગઢના ગિરનાર પર્વતનો ઈતિહાસ ?



આમ તો જૂનાગઢમાં ઘણા બધા પૌરાણિક સ્થળ આવેલા છે પણ એમાં સૌથી પ્રખ્યાત ગિરનાર પર્વત છે.આમાં ગિરનારનો તો ઈતિહાસ ખુબ મોટો અને પૌરાણિક છે, ગિરનાર પર્વતનાં ઘણા નામો છે ગિરિનગર અને રૈવતક પર્વતના નામે પણ ઓળખાઈ છે.

સૌરાષ્ટ્ર મૌર્ય વંશ, ગ્રીક, ક્ષત્રપ અને ગુપ્ત વંશોનો ઈતિહાસ ઉજળો છે. મગધના નંદવંશનો નાશ કરી, ગણરાજયોને ખતમ કરી, ભારતને એકચક્રી બનાવનાર ચંદ્રગુપ્ત મૌર્યે ઈ.સ. પૂર્વે ૩૨૨ પછી સૌરાષ્ટ્ર જીતી લીધું. આમ તે સમયમાં સૌરાષ્ટ્રના પાટનગર જૂનાગઢ (ગિરિનગર)માં પુષ્યગુપ્ત નામનો પોતાનો સુબો મુક્યો હતો. પુષ્યગુપ્તે સુવર્ણસિકતા નદી પર સુદર્શન નામનું સરોવર બંધાવ્યું હતું. સમ્રાટ અશોકના તુસાચ્ય નામના સુબાએ તેમાં નહેરો ખોદાવી સિંચાઈનું કાર્ય કર્યું હતું. સ્કંદગુપ્તના પર્ણદત્ત નામના સુબાએ અતિવૃષ્ટિના કારણે તૂટી ગયેલા સુદર્શન તળાવને ફરી બંધાવ્યું. આ મૌર્ય વંશના રાજાઓ એ કોતરાવેલ શિલાલેખો દ્વારા ગિરનાર પર્વતને જગતમાં પ્રસિધ્ધિ અપાવેલ છે. મૌર્યકાળમાં ગિરનાર પર્વતને ઉજ્જયંત, રૈવત, રૈવતક અને જુનાગઢ શહેરને ગિરિનગર, જીર્ણદુર્ગ નાં નામથી ઓળખાતા હતાં.

આમ સમયનાં વહેણની સાથે જુનાગઢ ઉપર ઘણા રાજાઓએ રાજ કર્યુ. ઈ.સ.૧૧૫૨ની આસપાસ ત્યાનાં રાજા કુમારપાળે ગિરનાર ચડવા માટે વ્યવસ્થિત પગથિયા બનાવ્યા હતાં. ત્યાર બાદ સમયનાં પરિવર્તનની સાથે અત્યારે ખૂબજ સારા પગથિયાનું નિર્માણ થયેલ છે. ગિરનાર પર્વતની સામે જ દશ–અગિયારમી સદીથી અકબંધ ઉભેલો ઉપરકોટનો કિલ્લો પણ ગિરનારનું નજરાણું છે. રાજા રા'ગ્રહરિપુએ બંધાવેલા આ કિલ્લાએ સોરઠનાં સતાપલટા અનેકગણા ખંડન–મંડન નિહાળ્યા છે. એક એવી કથા પણ અહીં પ્રચલિત છે કે જયારે સિદ્ધરાજ જયસિંહએ જૂનાગઢ પર ચડાઈ કરી અને ત્યાંના રાજા રા'ખેંગારને મારી તેની રાણી રાણકદેવીને લઈ જતો હતો, ત્યારે સતી રાણકદેવીએ ગિરનારને કહ્યું કે,

ગોઝારા ગિરનાર, વળામણ વેરીને કિયો ?<br>
મરતા રા'ખેંગાર, ખડેડી ખાંગો ન થિયો ?

અર્થાત: તારો રાજા હણાયો છતાં તું હજી ઉભો છે? આ વખતે ગિરનાર પડવા માંડયો અને રાણકદેવીએ તેને પડતો રોકવા કહ્યું કે પડમાં પડમાં મારા આધાર. ગિરનાર ત્યારે સ્થિર થઈ ગયો અને તેની ઘણી શિલાઓ પડતા પડતા રોકાઈ ગઈ હોય તેવી દેખાય છે. ઉપરકોટ અને નીચલો કોટ આ શીલાઓ જોવા માટેના સ્થળ છે.

# પ્રાણી જગત અજાયબ
# જીવ જગત : સાપ



સાપ ભયજનક સરિસૃપ છે પરંતુ સાથે સાથે વિશ્વની દરેક સંસ્કૃતિમાં તેને દેવ જેવું સન્માન પણ અપાયું છે. સાપ એ પેટે ચાલનારું ઠંડા લોહીવાળું પ્રાણી છે. પૃથ્વી પર પગવાળી ગરોળીમાંથી એક કરોડ વર્ષ પહેલાં સાપની ઉત્ક્રાંતિ થઈ. ત્યારથી પૃથ્વી પર હજારો પ્રકારના સાપ જોવા મળે છે. સાપ લાંબા શરીરવાળું ટૂંકી પૂંછડીવાળું સરિસૃપ છે. સાપની આંખ ઉપર પોપચાં હોતા નથી. સાપની સાંભળવાની શકિત ઓછી હોય છે. એટલે દ્રષ્ટિ અને ગંધ પારખવાની શકિત વધુ હોય છે. બે ફાંટાવાળા લાંબી જીભ ઉપર રહેલા કોશો દ્વારા તે હવામાંથી ગંધમેળવે છે. સાપ પેટ દ્વારા જમીનના સ્પંદનો ઓળખી શકે છે. કેટલાંક સાપના પેટ ઉપર એવા કોશો હોય છે કે દૂર રહેલા અન્ય સજીવના શરીરમાંથી નીકળતા ઈન્ફ્રારેડ કિરણો કે રેડિયેશનને પારખી શકે છે.

શરીર ઉપર ભેજનો સંગ્રહ કરવા અને સપાટી પર પક્કડ જમાવવા સાપના શરીર પર સખત ભીંગડા હોય છે. સાપ સમયાંતરે ચામડીનું આવરણ ઉતારે છે અને તેને સ્થાને નવું આવે છે. તેને કાંચળી ઉતારવી કહે છે.

સાપના બંને જડબા એકબીજા સાથે જોડાયેલા હોતા નથી. નીચલું જડબું વધુ સ્થિતિસ્થાપક હોય છે તે ઉદર જેવા મોટા પ્રાણીઓને પણ આખા ગળી જાય છે.

સાપને પગ નથી પરંતુ પેટ ઘસડીને સરકવાની અદ્ભૂત શકિત છે. સાપના લાંબા શરીરમાં ફેફસા, પેટ, હૃદય, આંતરડા અને લીવર જેવા અવયવો કતારબંધ ગોઠવાયેલા હોય છે.

## ઓસ્ટ્રલિયાના સૌથી મોટા કાંગારૂ : રેડ કાંગારૂ



પેટ ઉપર બચ્ચાંને સાચવવા માટે કોથળી હોય તેવા પ્રાણીઓમાં કાંગારૂ જાણીતા છે. જો કે ઘણા પ્રાણીઓમાં આ વિશિષ્ટતા હોય છે. આવા પ્રાણીઓને માર્સુપિઅલ્સ કહે છે. કાંગારૂની જાતમાં સૌથી મોટા કદના રેડ કાંગારૂ પાંચથી છ ફૂટ લાંબા હોય છે.

કાંગારૂની કૂદકા મારીને ચાલવાની રીત અનોખી છે. કદાવર પૂંછડીનો તે સમતોલન જાળવવા ઉપયોગ કરીને પાછલા પગે કૂદકા મારે છે. આગળના બે ટૂંકા પગ હાથની ગરજ સારે છે. રેડ કાંગારૂ ૩૦ ફૂટ લાંબો કૂદકો મારી શકે છે. અને ૫૬ કિલોમીટરની ઝડપથી દોડે છે.

કાંગારૂના પેટ ઉપરની કોથળી વિશિષ્ટ હોય છે. તે સ્નાયુઓના મજબૂત પટ્ટાથી શરીર સાથે જોડાયેલી હોય છે. કોથળીની અંદર ૩૨ ડિગ્રી સેલ્શિયસ તાપમાન જળવાયેલું રહે છે. રેડ કાંગારૂના જડબામાં બંને તરફ દાંત હોય છે. આગળના દાંત બહાર નીકળી આવેલા હોય છે. આગળના દાંત પડી જાય ત્યારે પાછલા દાંત આગળ આવી જાય છે.

કાંગારૂ વનસ્પતિ ખાઈને જીવે છે. અને લગભગ ૨૦ થી ૨૨ વર્ષનું આયુષ્ય ભોગવે છે. કાંગારૂ પાણીમાં તરી શકે છે.

# વર્ષાઋતુમાં કરો સુંદરતાની માવજત

ચોમાસાનો માહોલ જામતો જાય છે અને સાથે  સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતું જાય છે. વાતાવરણમાં રહેલા આ ભેજની અસર ત્વચા અને વાળ પર થાય છે. જો તમારે આ સિઝનમાં પણ સૌંદર્ય જાળવી રાખવું હોય તો કેટલીક વિશેષ કાળજી રાખવાથી ફાયદો થાય છે.

## • ફ્રિઝી વાળ:

ચોમાસાના વાતાવરણની વાળ પર વિપરીત અસર થાય છે અને તે ચમક વગરના તેમજ ફ્રિઝી બની જાય છે. વાળ ફ્રિઝી ન બની જાય એ માટે તમે તમારા વાળ ધોવા જાઓ તેના એક કલાક પહેલાં વાળમાં ગરમ તેલથી માલિશ કરો. ચોમાસામાં તમારા વાળને ચમકદાર રાખવા માટે દર અઠવાડિયે આ પ્રક્રિયા કરો.

## • ઓઈલી ત્વચા:

ચોમાસામાં ઓઈલી ત્વચા એ મહિલાઓમાં આ સમસ્યા એકદમ સામાન્ય છે. ભેજને કારણે આપણામાંની મોટાભાગની સ્ત્રીઓની ત્વચા એકદમ તૈલી થઈ જાય છે. તૈલી ત્વચાથી છુટકારો મેળવવા માટે ચહેરા પર જેલ આધારિત ફેસ વોશ અને મેટ મોઈશ્ચરાઈઝરનો ઉપયોગ કરો. આ સિવાય પુષ્કળ પાણી પીને પોતાને હાઈડ્રેટ રાખો. આનાથી શરીરમાંથી ઝેરી તત્ત્વો નીકળી જશે અને ત્વચા પણ સુંદર રહેશે. શુષ્ક અને નિર્જીવ ત્વચા વરસાદની સિઝનમાં ત્વચાની ખાસ કાળજી લેવી જરૂરી છે. ત્વચાને બચાવવા માટે **SPF 20** સાથે સનસ્ક્રીનનો ઉપયોગ કરો. આ સિવાય ચણાનો લોટ, મધ અને દૂધથી ઘરે બનાવેલો પૈક પણ લગાવો. આનાથી ત્વચા સુંવાળી અને ચમકદાર બનશે.

## • હેર સ્ટાઈલ:

આ સિઝનમાં ડ્રાયરનો ઉપયોગ વાળ માટે ખરાબ સાબિત થઈ શકે છે. જો તમે કોઈ ખાસ પ્રસંગ માટે હેરસ્ટાઈલ બનાવડાવો તો પછી તરત તમારા વાળને ઠંડા પાણીથી ધોઈ લો. સ્વચ્છ અને આકર્ષક દેખાવ માટે કન્ડિશનરનો ઉપયોગ કરો.

## • પગની સંભાળ:

ચોમાસાની ઋતુમાં પગ ખૂબ સુકા અને નિર્જીવ થઈ જાય છે. આ સિવાય કેટલાક લોકોના પગમાંથી અજીબ ગંધ આવે છે. તમારા પગની ખોવાયેલી સુંદરતા પાછી લાવવા માટે અઠવાડિયામાં એકવાર ઘરે પેડક્યિોર કરો. આ સાથે, મીઠું, કોર્ન મીલ અને કોફી સમાન માત્રામાં મિક્સ કરીને સ્ક્રબ બનાવો, પછી તેમાં બદામનાં તેલનાં થોડાં ટીપાં ઉમેરો. આનાથી તમારા પગને સ્ક્રબ કરો અને ધોઈ લો.


## • ફાટેલા હોઠ:


આ મોસમમાં હોઠની કોમળતા જાળવી રાખવા માટે દર કલાકે લિપ બામ લગાવવું પડે છે. જો કે, આ સિવાય હોઠને મુલાયમ રાખવા એના પર કોપરેલ કે બદામનું તેલ પણ લગાવો.

## • મેકઅપ:

આ સિઝનમાં વોટરપ્રૂફ આઈલાઈનર અને મસ્કરા પસંદ કરો. આંખના મેકઅપનો આધાર બનાવવા માટે ફેસ પાવડર અને પ્રાઈમરનો પણ ઉપયોગ કરો. આ સિવાય સ્નાન કરતી વખતે પાણીમાં લીંબુ અને ગુલાબજળનાં બે–ચાર ટીપાં નાખો. આનાથી આખો દિવસ તમારા શરીરમાંથી સુગંધ આવતી રહેશે.


# સાહિત્યકારો



રવીન્દ્રનાથ ટાગોર


ડો. એ.પી. જે.
અબ્દુલ કલામ


મીરાંબાઈ


ઝવેરચંદ મેઘાણી



આચાર્ય ચાણકય



તુલસીદાસ



નરસિંહ મહેતા


કવિ. કાગબાપુ


હઝારી પ્રસાદ દ્વિવેદી



મુંશી પ્રેમચંદ


હરિવંશરાય બચ્ચન


કાકા સાહેબ કાલેલકર



## Help the bee to find the way





## Find-A-World

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| E | E | L | A | N | D | P | E | L | H | O | D | N | E |
| A | R | N | B | G | E | F | I | B | A | B | O | O | N |
| C | H | E | E | B | F | O | E | L | L | E | Z | A | G |
| R | I | O | L | A | N | N | R | K | N | A | I | E | E |
| O | N | E | R | B | U | F | F | A | L | O | L | Z | N |
| C | O | I | O | S | O | K | U | D | U | I | T | O | W |
| O | G | A | E | P | P | Z | Z | E | B | R | A | E | A |
| D | S | O | C | C | D | R | R | T | R | R | L | E | R |
| I | A | R | E | A | H | A | I | A | N | E | E | T | T |
| L | D | R | A | P | O | E | L | N | P | C | N | E | H |
| E | E | D | T | I | G | C | E | H | G | N | N | V | O |
| W | H | I | P | P | O | N | A | T | O | B | N | I | G |
| H | Y | E | N | A | C | N | T | H | A | N | O | C | A |
| C | P | H | F | A | T | B | O | L | O | H | G | K | L |

KUDU
LEOPARD
SPRINGBOK
ELAND
CROCODILE
BABOON
GIRAFFE
ELEPHANT
BUFFALO

HIPPO
RHINO
WARTHOG
GAZELLE
ZEBRA
CHEETAH
CIVET
HYENA
LION

# યોગ દિવસ








# પંચશીલ સ્કૂલ



ઉપરના સોશિયલ મીડિયા આઈકન ઉપર કલીક કરી આપણી સ્કૂલ સાથે કનેકટ થઈએ